Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 128, October, 2023
Paper ID: RRJ043216
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-128-october-2023/RRJ043216

# "પાલિતાણા રાજ્ય નાં સ્થાપત્ય"

GOHIL DIVYAJEETSINH LAGDHIRSINH

RESEARCH SCHOLER, BKNMU, JUNAGADH

**પ્રસ્તાવના:**

ભારત વર્ષ એ સાંસ્કૃતિ અને વારસા થી ભરપૂર છે. આ ભારત વર્ષ માં પ્રાચીન કાળ થી જોઈએ તો હડપ્પા,સિંધુખીણ , મોહે-જો-દડો સભ્યતા નાં અનેક સ્થળો પ્રાપ્ત થયા છે. તેના સ્થાપત્ય નાં  ભાગ રૂપે ભારત એ વિશ્વમાં પોતાની પ્રાચીન સાંસ્કૃતિ અને વારસો જાળવી રાખેલો છે.

ભારતમાં આઝાદી સમયે આશરે ૫૬૨  જેટલા દેશી રજવાડા હતાં.જેમાં ગુજરાતમાં ૩૬૫  જેટલા રજવાડા હતાં.અને તેમાં પણ સોના માં સુગંધ ભલે તેમ સૌરાષ્ટ્ર માં ૨૨૨ જેટલા રજવાડાઓ હતાં.ભારતમાં આટલા નાના વિસ્તારમાં સૌથી વધારે દેશી રજવાડા હોય એવો પ્રદેશ સૌરાષ્ટ્ર હતો.

આ ૨૨૨ રજવાડામાં ૪ રાજ્યો નો બનેલો ગોહિલવાડ નામ નો પ્રદેશ હતો. જેમાં ગોહિલ કુળના ૪રાજ્યો હતાં.જેમાં સૌથી મોટું રજવાડું ભાવનગર ,એ પછી પાલિતાણા,લાઠી,વાળા રાજ્ય હતું.તેમનું એક નાનકડું બીજા વર્ગ નું રજવાડું એટલે "પાલિતાણા."

પાલિતાણાનું મહત્વ પ્રાચીનકાળ થી જોવા મળે છે અને વિશ્વમાં એ જૈન ધર્મ નું મહત્વનુ ધાર્મિક-સ્થળ તરીકે પ્રખ્યાત છે આ રાજ્યના સ્થાપત્ય માં વિવિધ મંદિરો,મહેલો,મસ્જિદો વગેરે જોવા મળે છે.  જે મહત્વની બાબત વિશે માહિતી મેળવએ.

**હિંદુ અને જૈન મંદિરો:**

કાંધાજી ગોહિલના સમયમાં ઇ.સ ૧૮૨૯ની સાલમાં શેત્રુંજય પર્વત માં "હેમવસી ની ટુક" બંધવામાં આવી. ત્યારબાદ ઇ.સ ૧૮૩૬માં નદીશ્વર્દીપની ટૂંક , સકારચંદ પ્રેમચંદ ની ટૂંક,બાલભાઇ ની ટૂંક ,મોતિશાની ટૂંક,આમ ચાર ટૂંક નું બાંધકામ થયેલું.

પાલીતાણા રાજ્યમાં અનેક દેવી દેવતાના મંદિર આવેલા હતા. જેમાં ભૈરવનાથજી નું મંદિર, રાજબાઇમાતાનું મંદિર, શ્રવણ નું મંદિર વગેરે મંદિરો આવેલા હતા. શિવ મંદિરો નીલકંઠ મહાદેવનું મંદિર, પંચમુખી મહાદેવ નું મંદિર, અંકલેશ્વર મહાદેવ નું મંદિર, નાગનાથ મહાદેવ નું મંદિર, ભુતેશ્વર મહાદેવનું મંદિર, પાતાળેશ્વર મહાદેવનું મંદિર, ભીડભંજન મહાદેવનું મંદિર આવેલા છે. વૈષ્ણવ સંપ્રદાયની બે હવેલી લાલજી દાસજી નું રાધાકૃષ્ણનું મંદિર ચામુંડા માતાનું મંદિર વગેરે હિન્દુ મંદિરો આવેલા છે.

પાલીતાણા નગરમાં જુદા જૈન દેરાસરો પણ આવેલા છે જેમાં શાંતિનાથ દેરાસર, શ્રી સીમંધરસ્વામી નું દેરાસર, વર્ધમાન દેરાસર વગેરે જૈન મંદિરો આવેલા છે.  આ ઉપરાંત શેત્રુંજય પર્વત ઉપર જૈનોનો વિશ્વ પ્રખ્યાત જૈન દેરાસરો આશરે 863 જેટલા મંદિરો આવેલા છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 128, October, 2023
Paper ID: RRJ043216
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-128-october-2023/RRJ043216

મહારાજા માનસિંહજી ગોહિલ ગાદીપતિ થયા બાદ પાલીતાણામાં ઇ.સ ૧૮૯૦માં "શ્રી ભૈરવનાથનું મંદિર" બનાવ્યું. ઇ.સ. ૧૮૯૧ માં ગારીયાધાર માં પણ ભૈરવનાથજી નું મંદિર બંવડાવ્યું. તેમના સમયમાં દાઉદી વ્યોરા નામની મસ્જિદ પણ બનવામાં આવેલી.

**રાજ્ય તરફથી થયેલા બાંધકામો:**

બહાદુરસિંહ ગોહિલ ના સમયમાં ઇ.સ ૧૯૦૭-૦૮ માં રાજકુમાર અવસ્થામાં રહેવા માટે એક સુંદર રાજમહેલ બાંધ્યો તેનું નામ "હવાઈ મહેલ" રાખવામા આવેલું. તેમણે ઇ.સ.૧૯૩૩માં પાવર હાઉસ પણ બનાવ્યું. જેના દ્વારા સમગ્ર પાલિતાણા રાજ્ય ને વીજળી મળતી થઈ. આ સિવાય "જ્યોર્જ ધી ફિફ્થ સિલ્વર જયુબિલી લાઈબ્રેરી" નું પણ બાંધકામ કરવેલું.

પાલીતાણા રાજ્યના રાજવીઓએ કેટલાક પ્રજા ઉપયોગી અને અંગત વપરાશ માટે ના જુદા જુદા બાંધકામો કરાવ્યાં હતા.બહાદુરસિંહના સમયનો હવા મહેલ એ બહાદુરસિંહ ના રહેવા માટે પોલિટિકલ એજન્ટ ટયુડર ઓવને બંધાવ્યો હતો. આ ઉપરાંત જુનો દરબારગઢ, ટેનિસ ક્લબ, વેલિંગ્ટન શાકમાર્કેટ, સિલ્વર જ્યુબેલી લાઇબ્રેરી, ઓવનબ્રિજ, માનસિંહજી હોસ્પિટલ, માનસિંહજી કન્યા શાળા, વગેરે બાંધકામો થયેલા છે.

**મૂલ્યાંકન**

આમ, પાલિતાણા રાજ્ય દ્વારા અનેક લોક ઉપયોગી બાંધકામો થયેલા જોવામલે છે જેમાં નિષ્પક્ષ ભાવે પ્રજાના હિત ના કાર્યો થયેલા છે આ ઉપરાંત પાલીતાણા જૈન તીર્થો ને પણ વિકસાવવા માટે રાજ્ય દ્વારા અનેક મદદરૂપ કાર્યો થયેલા છે જે આજે પણ આપણે જોઈ શકીએ છીએ.પાલિતાણાનું દેશી રાજ્ય એક નાનકડું અને પ્રમાણમા ઓછું વિકસિત દેશી રાજય હોવા છતાં તેનું સ્થાપત્ય એક મોટા રજવાડા ની યાદ અપાવે તેવું લાગે છે.

**સંદર્ભ:**

૧) જેઠાલાલ મહેતા – "બહાદુર વિલાસ યા શેત્રુંજયનો મહિપાલ-૪",અપ્રકાશિત હસ્તપ્રત
૨) ગોરધનદાસ નાગરદાસ મહેતા-"સૌરાષ્ટ્ર ઇતિહાસ દર્શન",બી.પી પ્રેસ ,પાલિતાણા